**આક–૦૧–લગત હુકમ**

આજરોજ આ કામે દૈનિક બોર્ડમાં નીકળયા હાથ પર લઈ રેકર્ડ વંચાણે લેતા, આ કામે **તારીખ–૨૩/૦૩/૨૦૨૧ નારોજ ફોજદારી કેસ નં.૩૯૦/૨૦૨૧ થી** તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે ચાર્જશીટ આ કામે ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ 85–1 મુજબની જોગવાઈ મુજબ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ)રુલ્સ ૧૯૫૯ રુલ્સ ૪ તે મેન્ડેટરી જોગવાઈ છે પરંતુ આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીનું બલ્ડ ટેસ્ટ લેવામાં આવેલ છે તે અંગેનું મેડીકલ સર્ટિફીકેટ રજુ કરેલ છે.પરંતુ આ કામે ફોર્મ બી,સી.રજુ થયેલ નથી તેથી આ કામે નામદાર વડી અદાલતનો ચુકાદો વંચાણે લેવો જરુરી જણાય આવે છે. **STATE OF GUJARAT VS BAPUJI SAVAJI** 1990 **GLH** 451 (A) Bombay Prohibition act 1949 Section 66 (1) and 85(1)(3) Bombay Prohibition( Medical Examination and Blood Test) Rules,1959– Rule 4 is Mandatory Provision– Form the evidence it is not celeat whether the sample of blood was accompanied by a forwarding letter in form B being a fascimile of he seal or monogram used for sealing the phile of the sample blood of accused– Further sample of blood of accused– Futher Sample of blood did not reach the chemical analyser withim seven days of its collection– mandatory provision of Rules 4(1) and (2) violated– acquittal confimed. પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ કામે (મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રુલ્સ ૧૯૫૯ રુલ્સ ૪ ની મેન્ડેટરી જોગવાઈનુ પાલન થયેલ છે કે કેમ તે દર્શાવવા માટે તપાસ કરનાર અમલદારશ્રી ચાર્જશીટ સાથે ફોર્મ બી,સી રજુ થયેલ નથી તેથી આરોપીના લોહીના નમુના લીધા બાદ તેમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું હતુ ? કે નિયત કરેલ કાર્યવાહી મુજબ લેવામાં આવેલ હતું કે કેમ ? તથા લોહીના નમુના લઈને સાત દિવસમા મોકલવામાં આવેલ હતું કે કેમ? તે હકીકત મેડીકલ પુરાવાથી જ પુરવાર થઈ શકે અને તે( મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રુલ્સ ૧૯૫૯ રુલ્સ ૪ તે મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ હોય તો જ આ કામે આરોપી વિરુધ્ધ કોગ્નીજન્સ લઈ શકાય પંરતુ મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ ના હોય તો આરોપીને

બીનતહોમત મુકત કરવો જોઈએ. તેમ અત્રેની અદાલતનું માનવું છે. આ કામે રેકર્ડ વંચાણે લેતાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ આ કામે ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૮૫(૧)(૩) મુજબની જોગવાઈ મુજબ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે આરોપીના લોહીના નમુના લીધેલ છે તે અંગે આ કામે એફ.એસ.એલ રીપોર્ટ રજુ થયેલ નથી કે આજ દિન સુધી પણ અત્રેની અદાલતમાં રજુ કરેલ નથી અને સદર ગુના હેઠળ આરોપી વિરુધ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ સદર હકીકતોનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. આમ કેસના પરીણામમાં ફેર પડે તેમ જણાય આવતુ નથી તેથી ચાર્જશીટ વંચાણે લેતા હાલના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૮૫(૧)(૩) મુજબ ગુન્હાનું કોગ્નીજન્સ લઈ શકાય નહી તેથી હાલના આરોપીના મેડીકલ પુરાવાના અભાવે આરોપીને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવો ન્યાયી અને ઉચિત જણાય છે તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના **આરોપી વાસુદેવ કાળીદાસ વાઘેલા રહે.અંતીસર દરવાજા, મુ.તા.કપડવંજનાઓને** ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની **કલમ–૮૫ (૧)** મુજબના ગુન્હામાંથી બીનતહોમત છોડી મુકવામાં આવે છે. હાલનુ ચાર્જશીટ દફતરે કરવામાં આવે છે.

જામીનખત રદ કરવા.

હુકમ આજરોજ **તા.૧૨ માર્ચ સને.૨૦૨૨** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨
કપડવંજ

(અતુલ મોહનભાઈ વસાવા)
અધિક ચીફ જયુ.મેજીસ્ટ્રેટ
કપડવંજ
gj01117

RVR